# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓની વિવિધ કોલેજોમાં ચાલતા ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નીચે મુજબના પ્રમાણપત્રોની જરૂરીયાત રહેશે જેની વિદ્યાર્થી તેમજ વાલીઓએ નોંધ લેવી.

| ક્રમ | પ્રમાણપત્રનું નામ |
|---|---|
| ૧. | ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ની માર્કશીટ |
| ૨. | ગુજકેટ માર્કશીટ-૨૦૨૩ માંજ પાસ કરેલ હોવી જોઈએ. |
| ૩. | શાળા છોડ્યાનું પ્રમાણપત્ર / ટ્રાન્સફર સર્ટીફીકેટ/ જન્મ તારીખનો દાખલો |
| ૪. | ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)નું ટ્રાયલ સર્ટીફિકેટ |
| ૫. | જાતિ અંગેના પ્રમાણપત્ર ( ફક્ત કેટેગરીવાળા વિદ્યાર્થીઓ માટે) |
| ૬. | નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ ( ફક્ત SEBC વિદ્યાર્થીઓ માટે તારીખ ૦૧.૦૪.૨૦૨૧ બાદનું હોવું જોઈએ) |
| ૭. | ૭/૧૨ અને ૮/અ ના તા. ૦૧/૦૪/૨૦૨૩ પછીની તારીખના ઈ-ધરા દ્વારા ઈસ્યુ થયેલ ઉતારાની નકલ (ખેડુત પુત્ર/પુત્રી હોય તો) |
| ૮. | ખેડુત પુત્ર/પુત્રી/પૌત્ર/પૌત્રીનો દાખલો (ખેડુત પુત્ર/પુત્રી હોય તો) **નમુનો નીચે સામેલ છે** અથવા ખેડુત પુત્ર/પુત્રી/પૌત્ર/પૌત્રીનું પેઢીનામું (નોંધ: કોઈ પણ વ્યકતી દ્વારા સ્વઘોષણા/self Declaration સક્ષમ અધીકારી / તલાટી પાસે રજુ કર્યે સક્ષમ અધીકારી / તલાટી પેઢીનામું ઈશ્યુ કરી શકે તે અંગેનું જાહેરનામું જાણમાટે **નીચે સામેલ છે.)** |
| ૯. | પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા વિદ્યાર્થીની સહી |
| ૧૦. | આધાર કાર્ડ |
| ૧૧. | રમત-ગમતનાં પ્રમાણપત્રો જો હોય તો (આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય તથા રાજ્ય કક્ષાનાં સક્ષમ સતાધિકારી દ્વારા ઇસ્યુ થયેલ પ્રમાણપત્રો જ માન્ય રહેશે) |
| ૧૨. | દિવ્યાંગ જન (PwD)નું પ્રમાણપત્ર ( ફક્ત દિવ્યાંગ જન (PwD) વિદ્યાર્થીઓ માટે) |
| ૧૩. | Chindren of Diffence personal or Ex-Serviceman નું પ્રમાણપત્ર ( ફક્ત Ex-Serviceman કેટેગરીનાં વિદ્યાર્થીઓ માટે) |
| ૧૪. | પારસી જાતિનું પ્રમાણપત્ર ( ફક્ત પારસી જાતિનાં વિદ્યાર્થીઓ માટે) |
| ૧૫. | કાશ્મીરી વિસ્થાપિતોનું પ્રમાણપત્ર ( ફક્ત કાશ્મીરી વિસ્થાપિતોનાં વિદ્યાર્થીઓ માટે) |
| ૧૬. | બિન નિવાસી ગુજરાતી વિદ્યાર્થીઓ (NRG) નું પ્રમાણપત્ર ( ફક્ત બિન નિવાસી ગુજરાતનાં વિદ્યાર્થીઓ માટે) |
| ૧૭. | બેંકની અદ્યતન પાસ બુકનું પ્રથમ પેઈજ (જેમાં IFSC કોડ હોય તે) |

**ઉપરોક્ત જરૂરી બધા જ અસલ ડોક્યુમેંટ તથા ફોટો અને સહીનો (JPG) નમુનો તમામ વિગતો વાંચી શકાય તે રીતે સ્કેન કરી PDF ફાઈલ (સોફ્ટ કોપી)માં તૈયાર રાખવાનાં રહેશે તેમજ ઓનલાઈન અરજીપત્રક ભરતી વખતે અપલોડ કરવાનાં રહેશે. જેની વિદ્યાર્થીઓ તથા વાલીઓએ નોંધ લેવી.**

પ્રવેશ પત્ર ભરવા માટેની વેબસાઈટ : ug.gsauca.in

## જોડાણ-૧

## <u>ખેડુત પુત્ર/પુત્રી/પૌત્ર/પૌત્રીનો દાખલો</u>

આથી દાખલો લખી આપવામાં આવે છે કે શ્રી/કુ. ................................................................ ના પિતા/માતા/દાદા/દાદી શ્રી/શ્રીમતિ ............................................................................ ગુજરાત રાજ્યના મોજે ગામ .............................. તાલુકો .............................. જીલ્લો ...................................... ખાતે ખાતા નં. .............................. મુજબ કુલ .............................. હે/આર ખેતી લાયક જમીન ધરાવે છે.

ઉમેદવાર શ્રી/કુ ................................................................................ નો ખાતેદાર સાથે પુત્ર/પુત્રી/ પૌત્ર/પૌત્રી નો સંબંધ છે આમ ઉમેદવાર ખેડુત પુત્ર છે.

ગોળ સીક્કો

સક્ષમ સત્તાધિકારીની સહી:

નામ:

હોદ્દો:

કચેરીના સિક્કા સહીત

**નોધ:** ઉમેદવાર/વિધાર્થીનું નામ ધોરણ-૧૨ની માર્કશીટની પ્રમાણે લખવું તથા ખાતેદારનું નામ ૭/૧૨ અને ૮/અ નમુનામાં હોય તે મુજબ લખવું.

આ જોડાણ (દાખલો) ખાલી માહીતી માટે છે. આ ફોર્મેટ પ્રમાણે દાખલો ગ્રામ પંચાયતના લેટર પેડ પર ઉતારો કરવાનો રહેશે. આ જોડાણ પર માન્ય રહેશે નહીં.

**પેઢીનામુ (પેઢીઆંબા) તૈયાર કરવા બાબત.**

**ગુજરાત સરકાર,**
**મહેસૂલ વિભાગ,**
**પરિપત્ર ક્રમાંક : હકપ/૧૦૨૦૧૪/૭૫૬/જ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા.૨૦/૦૯/૨૦૨૨**

**વંચાણમાં લીધા:**

૧. મહેસૂલ વિભાગનો તા.૧૪/૦૫/૨૦૧૪ નો સરખા ક્રમાંકનો પરિપત્ર
૨. સા.વ.વિ.નો તા.૨૫/૧૨/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: વહસ/૧૦૨૦૨૧/૪૩૫/વસુતાપ્ર-૨

**પરિપત્ર :**

વંચાણમાં લીધેલ ક્રમ-૧ પરના મહેસૂલ વિભાગના તા.૧૪/૦૫/૨૦૧૪ ના પરિપત્રથી પેઢીનામા તૈયાર કરવા અંગેની સૂચનાઓ બહાર પાડેલ છે. તેમાં ખેતીની તથા બિનખેતીની જમીન (ખુલ્લા પ્લોટ)ની વારસાઈ અંગે પેઢીનામું બનાવવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેનું અર્થઘટન ફક્ત ખેતીની જમીન તથા બિનખેતીની જમીન (ખુલ્લા પ્લોટ)નું જ પેઢીનામું તૈયાર કરવાનું રહે છે તેમ કરવામાં આવે છે. તેથી સદર તા.૧૪/૦૫/૨૦૧૪ ના પરિપત્રમાં નીચે દર્શાવ્યા મુજબનો આથી સુધારો બહાર પાડવામાં આવે છે.

**૧.** ખેતીની જમીન તથા બિનખેતીની જમીન (ખુલ્લા પ્લોટ) ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં તથા શહેરી વિસ્તારમાં પરંતુ સીટી સર્વે દાખલ થયેલ ન હોય તેવા વિસ્તારમાં આવેલ મકાનો, ફ્લેટ, એપાર્ટમેન્ટ, વાણિજ્ય દુકાનો, ઓફીસો જેવી તમામ સ્થાવર મિલકતો (ઇમલા સહિતની મિલકતો) બાબતે પણ સબંધિત તલાટી કમ મંત્રી/સીટી/કસ્બા તલાટીએ પેઢીનામું બનાવી આપવાનું રહેશે.

**૨.** જે વ્યક્તિનું અવસાન રહેણાંકના સ્થળ અથવા વતનના સ્થળ સિવાયના સ્થળે થાય તો તેવા કિસ્સામાં પણ જે તે વ્યક્તિનું પેઢીનામું તેના સ્થાયી રહેઠાણના સ્થળ અથવા વતનના સ્થળના તલાટીએ કરવાનું રહેશે. અરજદારને વતન કે રહેણાંકના સ્થળના તલાટીને અરજી કરવાનો વિકલ્પ ઉપલબ્ધ રહેશે. અરજદાર દ્વારા જે સંબંધિત તલાટીને અરજી કરવામાં આવે, તે તલાટીએ આ કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

**૩.** વંચાણમાં લીધેલ ક્રમ-૧ પરના મહેસૂલ વિભાગના તા.૧૪/૦૫/૨૦૧૪ ના પરિપત્રમાં જ્યા સોગંદનામા શબ્દનો ઉલ્લેખ છે તેના બદલે સ્વ-ઘોષણા (Self-Declaration) ધ્યાને લેવાની રહેશે. તેમજ તે અંગેના પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ આ સાથે સામેલ રાખેલ છે.

**૪.** મહેસૂલ વિભાગના તા.૧૪/૦૫/૨૦૧૪ ના પરિપત્રની અન્ય બાબતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(વી.એ.ચૌહાણ)**
**સેકશન અધિકારી,**
**મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.**

**પ્રતિ,**

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સુ.), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મહેસુલ તપાસણી કમિશનરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પ્રોજેક્ટ ઓફિસરશ્રી, સ્ટેટ મોનિટરિંગ સેલ, મહેસૂલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, નામદાર ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ. (પત્ર દ્વારા)
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત મહેસૂલ પંચ, લાલ દરવાજા, અમદાવાદ.
- ખાસ સચિવશ્રી(વિવાદ), મહેસૂલ વિભાગ, સોલા વિદ્યાપીઠ સામે, અમદાવાદ.
- સર્વે કલેકટરશ્રીઓ (સર્વે પ્રાંત તથા મામલતદાર કચેરીઓને જાણ કરવા તથા મહેસૂલી તલાટીઓને અમલવારી કરાવવાની વિનંતી સહ).
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (સર્વે તલાટી-કમ-મંત્રીશ્રીઓને જાણ તથા અમલવારી કરાવવાની વિનંતી સહ).
- સેકશન અધિકારીશ્રી-ખ શાખા, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (પરિપત્રની નકલ વિભાગની વેબસાઈટ પર મૂકવા સારૂ.)
- શાખા સિલેક્ટ ફાઈલ-જ શાખા.

# પરિશિષ્ટ-૧

## સ્વ-ઘોષણા (Self-Declaration)

## (સીધી લીટીના વારસદારોની વારસાઈના કિસ્સા માટે)

આથી અમો સહી કરનાર.................................................................
ઉ.વ..............ધંધો.........રહે...................................... તે અમારા ધર્મના સોગંદ ઉપર જાહેર કરીએ છીએ કે,

અમો ઉપરના સરનામે રહીએ છીએ, અમારા પિતા/ માતા/ પતિ/ પત્નીનું તા.............................. ના રોજ અવસાન થયેલ છે. મર્હુમની માલિકીની/ કબજા ભોગવટાની સ્થાવર મિલકત નીચે મુજબ છે.

.....................................................................................................

અમો તેઓના કાયદેસરના નીચે મુજબના વારસદારો છીએ.

| અ.નં. | નામ | ઉ.વ. | સંબંધ | રહેવાસી |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |

આમ અમો ઉપર મુજબના ................................................. મરનારના કાયદેસરના વારસદારો છીએ. જેમાં પરિણિત/અપરિણિત દિકરીઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જેની અમો ખાત્રી આપીએ છીએ. તે સિવાય તેઓના અન્ય કોઈ વારસો નથી. તે સોગંદ ઉપર જાહેર કરીએ છીએ.

આ સ્વ-ઘોષણામાં જણાવેલ હકીકત ખરી અને સાચી છે. જો કોઈપણ હકીકત ખોટી જણાય તો તે માટે હું જવાબદાર થઈશ. તે હું જાણું છું.

ખોટી સ્વ-ઘોષણા કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હું જાણું છું.

સ્થળ:

તારીખ: સહી..................................

# પરિશિષ્ટ-૨

## સ્વ-ઘોષણા (Self-Declaration)

## (સીધી લીટીના વારસોની કૌટુંબિક વહેંચણીના કિસ્સા માટે)

આથી અમો સહી કરનાર.............................................................................
ઉ.વ...............ધંધો.........રહે...................................... તે અમારા ધર્મના સોગંદ ઉપર જાહેર કર્ઈ એ છીએ કે,

અમો ઉપરના સરનામે રહીએ છીએ, અમારી માલિકીની/ કબજા ભોગવટાની સ્થાવર મિલકત નીચે મુજબ છે.

..........................................................................................................

અમો અમારી હયાતીમાં ઉક્ત મિલકતની વહેંચણી કરવા માંગતા હોઈ અમારા સીધી લીટીના કાયદેસરના વારસદારના નામો નીચે મુજબના છે.

| અ.નં. | નામ | ઉ.વ. | સંબંધ | રહેવાસી |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |

જેમાં પરિણિત/અપરિણિત દિકરીઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જેની અમો ખાત્રી આપીએ છીએ. તે સિવાય તેઓના અન્ય કોઈ વારસો નથી. તે સોગંદ ઉપર જાહેર કરીએ છીએ.

આ સ્વ-ઘોષણામાં જણાવેલ હકીકત ખરી અને સાચી છે. જો કોઈપણ હકીકત ખોટી જણાય તો તે માટે હું જવાબદાર થઈશ. તે હું જાણું છું.

ખોટી સ્વ-ઘોષણા કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હું જાણું છું.

સ્થળ:

તારીખ: સહી..................................